# શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન,પેટલાદ

## વર્ષ: 2021 - 2022

## વાર્ષિક અહેવાલ



# અનુક્રમણિકા


| ક્રમ નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | સંસ્થા પરિચય | ૩ |
| ૨. | વિદાય સમારંભ | ૫ |
| ૩. | સુવર્ણ જયંતિ કાર્યક્રમ | ૫ |
| ૪. | આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી | ૬ |
| ૫. | પ્રવેશોત્સવ અને વ્યક્તિ વિશેષ સન્માન કાર્યક્રમ | ૭ |
| ૬. | આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત શૌર્ય ગીત સ્પર્ધા | ૮ |
| ૭. | સંસ્કૃત સપ્તાહ અંતર્ગત વક્તવ્ય | ૯ |
| ૮. | સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત શ્લોકગાન સ્પર્ધા | ૯ |
| ૯. | સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત પ્રાચીન આધાર પ્રદર્શનનું આયોજન | ૧૦ |
| ૧૦. | રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતી નિમિત્તે ગીત સ્પર્ધાનું આયોજન | ૧૦ |
| ૧૧. | ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનજીની જન્મ જયંતી નિમિત્તે શિક્ષક દિન પ્રેરણાસ્ત્રોત કાર્યક્રમ | ૧૧ |
| ૧૨. | આંતર કોલેજ શૌર્ય ગીત/દેશભક્તિ ગીત સ્પર્ધા | ૧૨ |
| ૧૩. | અધ્યાપન કૌશલ્ય સ્પર્ધા | ૧૩ |
| ૧૪. | દેહદાન અપીલ કાર્યક્રમ અંતર્ગત વક્તવ્ય | ૧૩ |
| ૧૫. | ગાંધી જયંતિની ઉજવણી | ૧૪ |
| ૧૬. | ૭૫મા સ્વાતંત્ર્ય દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમ | ૧૪ |
| ૧૭. | સૂક્ષ્મ અધ્યાપન કૌશલ્ય  સ્પર્ધા | ૧૫ |
| ૧૮. | શ્રમયજ્ઞ કાર્યક્રમ | ૧૬ |
| ૧૯. | થેલેસેમિયા જાગૃતિ તથા નિદાન કેમ્પ કાર્યક્રમ | ૧૬ |
| ૨૦. | પ્રાથમિક સારવાર અંતર્ગત વર્કશોપ | ૧૭ |
| ૨૧. | વ્યક્તિત્વ વિકાસ વર્કશોપ | ૧૮ |
| ૨૨. | પેટલાદ બી.એડ.કોલેજનું ગૌરવ | ૧૯ |
| ૨૩. | રમત ગમત મહોત્સવ | ૧૯ |
| ૨૪. | 26 મી જાન્યુઆરીની ઉજવણી | ૨૦ |

| | | |
|---|---|---|
| ૨૫. | શૈક્ષણિક વ્યાખ્યાનનું આયોજન | ૨૧ |
| ૨૬. | પેટલાદ બી.એડ.કોલેજનું ગૌરવ | ૨૧ |
| ૨૭. | આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી | ૨૩ |
| ૨૮. | શૈક્ષણિક વ્યાખ્યાનનું આયોજન | ૨૩ |
| ૨૯. | શૈક્ષણિક વ્યાખ્યાનનું આયોજન | ૨૪ |
| ૩૦. | સંસ્થા મુલાકાત | ૨૫ |
| ૩૧. | GSRTC તરફથી મળતી પ્રજાલક્ષી સુવિધાઓઅંગે જાગૃતતા કાર્યક્રમ | ૨૬ |
| ૩૨. | સ્મૃતિ વ્યાખ્યાન | ૨૬ |
| ૩૩. | TLM વર્કશોપ | ૨૮ |
| ૩૪. | ૫૧માં દીક્ષાંત સમારોહ | ૨૮ |

## સંસ્થા પરિચય

પ્રહલાદપુરી, પંપાપુરીના પ્રાચીન અને પવિત્ર નામથી પ્રસિદ્ધ એવા ગાયકવાડી રાજ્યમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરનારી તેમજ ઉદ્યોગ ધંધાર્થીએ જુના વડોદરા રાજ્યનું માન્ચેસ્ટર અને વિદ્યાક્ષેત્રે ગુજરાતનું કાશી ગણાતી પેટલાદનગરીનું ઐતિહાસિક તેમજ સંસ્કાર ક્ષેત્રે ઘણું મહત્વનું સ્થાન રહ્યું છે. એવી આ પાવન  તપોભૂમિમાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ કોલેજ પેટલાદે વર્ષ 1970થી જ્ઞાનયજ્ઞ આદર્યો.જેમાં સંસ્થાના આદ્યસ્થાપક અને પ્રમુખ રાજમિત્ર દાતાર સ્વ.રમણલાલ કેશવલાલ પરીખે તેના શ્રીગણેશ કર્યા અને તેમના સ્વર્ગાગમન બાદ સંસ્થાના પૂર્વપ્રમુખ સૌજન્યમૂર્તિ શેઠશ્રી સ્વ.અમૃતલાલ રમણલાલ પરીખે  તેની ધૂરા સંભાળી તે દરમિયાન વર્ષ 1996માં આ કોલેજને ચરોતરના ભામાશા એવા સ્વ. શ્રી ઇન્દુભાઇ પટેલનો સહયોગ સાંપડ્યો તેમના ધર્મપત્ની શારદાબેનના સંભારણામાં શ્રીમતી શારદાબેન ઈન્દુભાઈ પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન નામથી આ સંસ્થાનું નવું નામાધિકરણ થયું. આ સંસ્થા તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહી છે. ઉચ્ચ શિક્ષણની આ પુનિત વિકાસયાત્રા  , વિકાસ ગાથામાં IITE સંગાથે આ રચનાત્મક કાર્ય પ્રગતિના પંથે આગળ વધી રહી છે.



સ્વ.રમણલાલ પરીખ



સ્વ.અમૃતલાલ પરીખ



સ્વ.ઇન્દુભાઇ પટેલ

# શ્રીમતી એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન પરિવાર

## કાર્યકારી આચાર્ય

**ડૉ.નયનાબેન શુક્લ**

## સંસ્થા પરિવાર

**ડૉ. યોગેશભાઈ આર.પરમાર**

**ડૉ.પુરુષોત્તમભાઈ શાહ**

**ડૉ.કામેન્દુભાઈ ઠાકર**

**ડૉ.દિપીકાબેન ચૌધરી**

**ડૉ.મયંકભાઈ પટેલ**

**ડૉ.શ્વેતાબેન ચૌહાણ**

**કુ.પુનમબેન  દાદવાણી-એડહોક**

**શ્રી રાકેશભાઈ  ભટ્ટ-ગ્રંથપાલ**

**શ્રી  ચેતનભાઇ શાહ-ક્લાર્ક**

**બ્રિજેશભાઈ સોલંકી-સેવક ભાઈ**

## વિદાય સમારંભ

સંસ્થા દ્વારા તારીખ: 14/06/2021 સોમવારના રોજ વય નિવૃત થતા શ્રી કાલીદાસ એસ. મહિડાના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ શ્રી સતિષભાઈ મોદી તથા શ્રી હસમુખભાઈ મિસ્ત્રીએ મુખ્ય મહેમાનની ભૂમિકા ભજવી હતી.સન્માન પત્ર વાંચન અધ્યાપિકા ડૉ. નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યુ હતુ તથા સંસ્થા પરીવાર તરફથી સ્મૃતિભેટ અર્પણ કરાઇ હતી.સંસ્થાના   કાર્યકારી આચાર્ય ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે શુભેચ્છા પાઠવી હતી. અધ્યાપક  ડૉ. પીડી.શાહ સાહેબે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમ સૌ અધ્યાપક ગણ તથા ઓનલાઇન માધ્યમથી પ્રશિક્ષણાર્થીઓ પણ જોડાયા હતા.






## સુવર્ણ જયંતિ કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ: 14/06/2021 સોમવારના રોજ પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ ના ૭૫ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે એજ્યુકેશન ટ્રસ્ટ હિરક જયંતિ મહોત્સવ ઉજવી રહ્યું છે તેમજ શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન તથા  શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સના ૫૦ વર્ષ પૂર્ણ થયા હોવાથી સંસ્થા સુવર્ણ જયંતિ ઉજવી  રહી છે તે નિમિત્તે બંને કોલેજના સંયુક્ત ઉપક્રમે સર્વધર્મ પ્રાર્થના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી વ્રજેશભાઈ પરીખ સાહેબ ઉપસ્થિત રહી સૌને શિક્ષણની ધરોહર આગળ વધારવા પ્રોત્સાહિત કર્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમમાં સાયન્સ કોલેજના આચાર્ય ડૉ.વિમલભાઈ  જોશી સાહેબ   ,કોમર્સ કોલેજના આચાર્ય  ડૉ.રાજેશભાઈ મોદી સાહેબ તથા બી.એડ  .કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે પ્રસંગોચિત

ઉદબોધન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમમાં કોમર્સ કોલેજના અધ્યાપક શ્રી જે.એમ.પટેલ સાહેબ તથા ડૉ.સી.જે.તન્ના સાહેબે શુભેચ્છાઓ પાઠવી હતી.આ કાર્યક્રમમાં સૌ અધ્યાપકશ્રીઓ તથા સંસ્થામાં અભ્યાસ કરતા તથા દેશ વિદેશમાં સ્થાયી થયેલ વિદ્યાર્થીઓ ઇન્ટરનેટના માધ્યમથી આ કાર્યક્રમમાં જોડાયા હતા.





## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

સંસ્થા દ્વારા તારીખ: 21/06/2021 સોમવારના રોજ સાતમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. અધ્યાપિકા ડૉ.દિપીકાબેન ચૌધરીએ યોગની વિશેષતાઓ અંગે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું. યોગ ટ્રેનર હિતેશભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ સૌ આ કાર્યક્રમમાં જોડાયા.આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય ડૉ. યોગેશભાઈ પરમાર , અધ્યાપક ગણ તથા ઓનલાઈન માધ્યમથી સૌ પ્રશિક્ષણાર્થીઓ જોડાઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




## પ્રવેશોત્સવ અને વ્યક્તિ વિશેષ સન્માન કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ: 05/08/2021ને ગુરુવારના રોજ પ્રવેશોત્સવ અને વ્યક્તિ વિશેષ સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ.રઘુભાઈ જોશી,કાર્યકારી આચાર્યશ્રી, શ્રી નારાયણ સંસ્કૃત પાઠશાળા ,પેટલાદ તથા વ્યક્તિ વિશેષશ્રીઓ શ્રી જયેશભાઈ પટેલ,પૂર્વ આચાર્યશ્રી,એન.કે.હાઇસ્કૂલ,પેટલાદ,શ્રી કેતનભાઈ ગાંધી , સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ,પેટલાદ નગરપાલિકા, પેટલાદ ,શ્રી જયંતીભાઈ પવાર , આચાર્યશ્રી સરદાર પટેલ હાઇસ્કૂલ , પેટલાદ, ડો. મહેન્દ્રભાઈ અમીન , પૂર્વ આચાર્ય , પીપળાવ હાઈસ્કૂલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અધ્યાપક ડૉ. કામેન્દુ ઠાકર સાહેબની આગેવાનીમાં તાલીમાર્થીઓએ પ્રાર્થના કરી હતી. સ્વાગત પ્રવચન સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબ દ્વારા કરવામાં આવ્યું.મહેમાનોશ્રીઓનો પરિચય અધ્યાપક ડૉ.કામેન્દુ ઠાકર સાહેબે આપ્યો હતો. કાર્યક્રમને આગળ ધપાવતા દ્વિતીય વર્ગમાં તાલીમાર્થીઓ શ્રી નિસર્ગ વાઘેલા તથા કુમારી મુનજ્જબીન મલેકે પ્રવેશ પામતા તાલીમાર્થીઓને આવકાર્યા હતા. પ્રસંગોચિત ઉદબોધનમાં શ્રી જયેશભાઈ પટેલ સાહેબે કન્યા કેળવણી, શિક્ષકની મહિમા, સત્યને વળગી રહેવું અને એ થકી ભારતના ભાવિ પેઢીના ઘડતર માટે આદર્શ શિક્ષક બનવા માટે આહ્વાન કર્યું હતું. શ્રી કેતનભાઈ ગાંધી સાહેબે વિદ્યાર્થીઓને નિષ્ઠાથી કાર્ય કરી ,વિદ્યાર્થીને જીવંત હદય સાથે કાર્ય કરવા માર્ગદર્શન આપ્યું. શ્રી જયંતીભાઈ પવાર સાહેબે વિચારધારા થકી સંગઠિત રહી પ્રગતિ કરી સારા શિક્ષક બનવા શુભેચ્છા પાઠવી . પીપળાવ હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય ડૉ. મહેન્દ્રભાઈ અમીન સાહેબે શિક્ષણના પ્રયોગો થકી વિદ્યાર્થીઓને યોગ્ય ઘડતર થાય તથા શિક્ષકની તાલીમ લેવા જઈ રહ્યા છે તે દરરોજ વિચારવા અંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. અધ્યક્ષીય ઉદબોધન શ્રી રઘુભાઈ જોષી સાહેબ કર્યું. પ્રશિક્ષણાર્થીઓને અનુભવ મેળવી પરિપક્વ બનવા , વ્યક્તિની ભવ્યતાને નહીં તેની દિવ્યતાને જોવી, શિક્ષક ધર્મ અને ધર્મની જીત ,મૂલ્યવાન ભારત અને વિદ્યાને સિદ્ધ કરવા આગમકાલ , સ્વાધ્યાય કાલ, પ્રવચનકાલ, વ્યવહારકાલેન બની નિષ્ઠાવાન થઈ ભાવિ ભારતના ઘડવૈયા બનો એવી પ્રશિક્ષણાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમના સંભારણાર્થે ભગીની સંસ્થાના આચાર્યશ્રી ડૉ.વિમલ ભાઈ જોશી સાહેબ તથા સંસ્થાના સિનિયર ક્લાર્ક શ્રી ચેતનભાઈ શાહના વરદ હસ્તે

ડૉ.રઘુભાઈ જોષી સાહેબને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.પ્રાધ્યાપક ડૉ.પી.ડી.શાહ સાહેબના વરદ હસ્તે ડૉ.મહેન્દ્રભાઈ અમીન સાહેબને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી.






## આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત શૌર્ય ગીત સ્પર્ધા

સંસ્થા દ્વારા તારીખ: 25/08/2021ને બુધવારના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત શૌર્ય ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપકશ્રીઓ ડૉ. નયનાબેન શુક્લ, ડૉ.પી.ડી.શાહ સાહેબ તથા ડૉ. દિપીકાબેન ચૌધરીએ સેવા બજાવી હતી . આ કાર્યક્રમમાં સૌ પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે શ્રદ્ધાબેન વાઘેલા, દ્વિતીય નંબરે અમીષાબેન ગોહિલ, તૃતિય નંબરે ધરતીબેન પંચાલ આવ્યા હતા. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે પ્રશિક્ષણાર્થીઓને બિરદાવતા શુભેચ્છા પાઠવી હતી.





## સંસ્કૃત સપ્તાહ અંતર્ગત વક્તવ્ય

સંસ્થા દ્વારા તારીખ: 25/08/2021ને બુધવારના રોજ સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત સંભાષણ વિષય પર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય વક્તા તરીકે શ્રી હર્ષભાઈ જોશી,અધ્યાપક,એન.એસ.પટેલ આર્ટસ કોલેજ ,આણંદ ઉપસ્થિત રહ્યા હતા . મહેમાનશ્રીનો શાબ્દિક આવકાર કાર્યકારી આચાર્ય શ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે આપ્યો હતો તથા પરિચય વરિષ્ટ અધ્યાપિકા ડૉ.નયનાબેન શુક્લએ આપ્યો હતો . શ્રી હર્ષભાઈ જોશી સાહેબે પ્રશિક્ષણાર્થીઓને સંસ્કૃતમાં સંભાષણ સંદર્ભ અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.





## સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત શ્લોકગાન સ્પર્ધા

સંસ્થા દ્વારા તારીખ: 25/08/2021ને બુધવારના રોજ સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત શ્લોકગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ.મેલાભાઈ વાઘેલા , અધ્યાપક, સંસ્કૃત વિભાગ ,આર.કે પરીખ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ,પેટલાદ તથા સંસ્થાના અધ્યાપકશ્રીઓ ડૉ.પી.ડી શાહ ,ડૉ.નયનાબેન શુક્લ એ સેવા બજાવી હતી .મહેમાનશ્રીનો શાબ્દિક આવકાર કાર્યકારી આચાર્ય શ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે આપ્યો હતો તથા પરિચય અધ્યાપક ડૉ.કામેન્દ્ર ઠાકર સાહેબે આપ્યો હતો .આ સ્પર્ધામાં પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે જલ્પાબેન વ્યાસ અને અમીષાબેન ગોહિલ, દ્વિતીય નંબરે અમિતાબેન સુથાર, તૃતિય નંબરે જ્વલંતભાઈ આખોલકર અને શ્રદ્ધાબેન વાઘેલા આવ્યા હતા.



**સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત પ્રાચીન આધાર પ્રદર્શનનું આયોજન**

સંસ્થા દ્વારા તારીખ:25/08/2021ને બુધવારના રોજ સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત પ્રાચીન આધાર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના સંસ્કૃત વિષયના અધ્યાપિકા ડૉ.નયનાબેન શુક્લ દ્વારા પ્રશિક્ષણાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સૌ અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ પ્રદર્શનનો લાભ લીધો હતો.



**રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતી નિમિત્તે ગીત સ્પર્ધાનું આયોજન**

સંસ્થા દ્વારા તારીખ: 02/09/2021ને ગુરુવારના રોજ આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું . નિર્ણાયક તરીકે શ્રીમતી સુધાબેન વ્યાસ , અધ્યાપિકા, શ્રીમતી એસ.આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સ , પેટલાદ તથા સંસ્થાના અધ્યાપકશ્રીઓ ડૉ.કામેન્દુ ઠાકર તથા

ડૉ.શ્વેતાબેન ચૌહાણે સેવા બજાવી હતી . કાર્યક્રમમાં પ્રસંગોચિત ઉદ્બોધન સાથે સ્વાગત પ્રવચન સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે આપ્યો હતો. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે જીનલબેન પરમાર, દ્વિતીય નંબરે શ્રદ્ધાબેન વાઘેલા, તૃતીય નંબર મીનાબેન ડાભી આવ્યા હતા.






**ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનજીની જન્મ જયંતી નિમિત્તે શિક્ષક દિન પ્રેરણાસ્ત્રોત કાર્યક્રમ**

સંસ્થા દ્વારા તારીખ : 04/09/2021ને શનિવારના રોજ ડો .સર્વપલ્લી રાધાકૃષ્ણનજીની જન્મ જયંતી નિમિત્તે શિક્ષક દિન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમમાં પ્રેરણાસ્ત્રોત મુખ્ય વક્તા તરીકે ડૉ. પિનાકીન પ્રસાદ યાજ્ઞિક, એસોસિયેટ પ્રોફેસર, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ ઉપસ્થિત રહ્યા હતા . વક્તાશ્રીનો સંસ્થા વતી શાબ્દિક આવકાર , પ્રસંગોચિત ઉદ્બોધન તથા શાલ ઓઢાડી ગુરુ વંદના સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે કરી હતી . વક્તાશ્રીનો પરિચય અધ્યાપક ડૉ.કામેન્દ્ર ઠાકર સાહેબે આપ્યો હતો . વક્તાશ્રી ડૉ.પીનાકીન પ્રસાદ યાજ્ઞિક સાહેબે પ્રસંગોચિત ઉદબોધન કરતા જણાવ્યું કે શિક્ષક સમાજને નવી દિશા અને દશા આપી શકે છે. શિક્ષક વિદ્યાર્થીના હ્રદયાસન પર બિરાજમાન રાજા પણ છે. નોખા અનોખા આ વ્યવસાયમાં જોડાયેલ શિક્ષકે જ્ઞાનની ઉપાસના કરવાની જવાબદારી સાથે સમાજે મૂકેલા વિશ્વાસની કામગીરી નિભાવવાની છે.શિક્ષક પરિવર્તનો અગ્રદૂત છે તેમ જણાવ્યું હતું.






**આંતર કોલેજ શૌર્ય ગીત/દેશભક્તિ ગીત સ્પર્ધા**

સંસ્થા દ્વારા તારીખ : 07/09/2021 મંગળવારના રોજ આંતર કોલેજ શૌર્ય ગીત /દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું . કાર્યક્રમની શરૂઆત ડૉ.કામેન્દ્ર ઠાકર સાહેબ તથા પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. મહેમાનશ્રીનો શાબ્દિક આવકાર કાર્યકારી આચાર્ય શ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે આપ્યો હતો .કાર્યક્રમના અધ્યક્ષ ડૉ.રાજેશભાઈ મોદી સાહેબ , આચાર્ય, શ્રીમતી એસ.આઈ .પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ કોમર્સ , પેટલાદ તથા નિર્ણાયકશ્રીઓ ડૉ.મીનાક્ષીબેન વાણીયા , અધ્યાપિકા,શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન ,બોરસદ, ડૉ.યજ્ઞેશભાઇ પુરોહિત,અધ્યાપક, શ્રી આઇ. જે. પટેલ બી. એડ. કોલેજ મોગરી, ડૉ.બિજલબેન મિસ્ત્રી, અધ્યાપિકા,આણંદ એજ્યુકેશન કોલેજ,આણંદ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ નંબર કાજલ રાઠોડ, દ્વિતીય નંબર હિતેશ ગોસ્વામી,તૃતીય નંબર અમીશા ગોહિલ તથા ચોથા નંબરે શ્રદ્ધા વાઘેલા આવ્યા હતા.





## અધ્યાપન કૌશલ્ય સ્પર્ધા

સંસ્થા દ્વારા તારીખ: 22/09/2021ને બુધવારના રોજ અધ્યાપન કૌશલ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપકશ્રીઓ ડૉ.પી.ડી શાહ , ડૉ.નયનાબેન શુક્લ, ડૉ.દિપીકાબેન ચૌધરીએ સેવા બજાવી હતી . આ સ્પર્ધામાં પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિશ્વાબેન શાહ, દ્વિતીય નંબરે જીનલબેન પરમાર, તૃતિય નંબરે નિશાબેન તળપદા આવ્યા હતા. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશભાઈ પરમાર તથા અધ્યાપકશ્રીઓએ સૌને શુભેચ્છા પાઠવી હતી.




## દેહદાન અપીલ કાર્યક્રમ અંતર્ગત વક્તવ્ય

સંસ્થા દ્વારા તારીખ: 22/09/2021ને બુધવારના રોજ સંસ્થામાં સુવર્ણ જયંતિ ઉજવણી નિમિત્તે "દેહદાન અપીલ" કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી .મહેમાનશ્રીનો શાબ્દિક આવકાર કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે આપ્યો હતો તથા પરિચય વરિષ્ટ અધ્યાપિકા ડૉ.નયનાબેન શુક્લએ આપ્યો હતો . કાર્યક્રમના અધ્યક્ષ આચાર્ય ડૉ.વિમલભાઈ જોશી સાહેબ દ્વારા દેહદાતા ડૉ.જયંતીભાઈ જે . રાણા સાહેબ, પૂર્વ અધ્યાપક, એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદને શાલ તથા પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા . કાર્યક્રમના અધ્યક્ષ આચાર્ય ડૉ.વિમલભાઈ જોશી સાહેબે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું . તેમણે જણાવ્યું કે દાન આપવાની એક પ્રક્રિયા છે અને તેથી પરમઆનંદની અનુભૂતિ થાય છે. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ.જયંતીભાઈ રાણા સાહેબે દેહદાન અંગે પ્રશિક્ષણાર્થીઓને માહિતગાર કર્યા. તેમણે જણાવ્યું કે તમે કોના માટે જીવો છો ? અચૂક વિચારજો.

ધર્મ, અર્થ, કામ, મોક્ષ લક્ષ્યાંકો છે . શિક્ષણમાં આર્થિક , સામાજિ,ક શૈક્ષણિક, આધ્યાત્મિક ઉપરાંત આપણી સમજદારી, જવાબદારી, વફાદારી, ઈમાનદારી આ બધું દુનિયાદારીમાં જરૂરી છે . દેશ પંચમહાભૂતમાં મળે તે પહેલા કોઈના માટે કોડિયું બનવું અને તે મારફતે પુનઃ જીવિત રહેવું એ પણ જરૂરી છે.





## ગાંધી જયંતિની ઉજવણી

સંસ્થા દ્વારા તારીખ:01/10/2021 ને શુક્રવારના રોજ ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી.સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશ પરમાર સાહેબે પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું. તેમણે ગાંધીજીનું જીવન,મૂલ્યો વિશે પ્રશિક્ષણાર્થીઓને જણાવ્યું. આ કાર્યક્રમમાં સૌ અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ૭૫મા સ્વાતંત્ર્ય દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ :15/08/2021 ને રવિવારના રોજ ૭૫મા સ્વાતંત્ર્ય દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. સંસ્થાના સેવાનિવૃત સેવક શ્રીકાલીદાસ એસ .મહિડાના વરદહસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. તેમણે ભારતની ગૌરવગાથા વિશે જણાવતા કહ્યું હતુ કે વિદ્યાર્થીઓએ મૂલ્યનિષ્ઠ બનવુ જોઈએ. આ પ્રસંગે સંસ્થા પરિવારના સૌ કોઈ ઉપસ્થિત રહી રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી.



**સૂક્ષ્મ અધ્યાપન કૌશલ્ય  સ્પર્ધા**

સંસ્થા દ્વારા તારીખ: 06/10/2021 ને બુધવારના રોજ IITE યુનિવર્સિટી,ગાંધીનગરના ઉપક્રમે યુનિવર્સિટી કક્ષાની તૃતીય સૂક્ષ્મ અધ્યાપન કૌશલ્ય સ્પર્ધા , ઝોન-2 નું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રતિનિધિશ્રી અને સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. વિમલભાઈ જોશી સાહેબ,નિર્ણાયક તરીકે અધ્યાપકશ્રીઓ ડૉ.કમલનયન પરમાર, શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદ, ડૉ.અરવિંદભાઈ મકવાણા, શેઠ એમ.એન કોન્ટ્રાક્ટર કોલેજ ઓફ એજ્યુકેશન,ડભોઇ,ડૉ.મૌનુસ ઠાકર,એચ.એમ.પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ,વલ્લભ વિદ્યાનગર ઉપસ્થિત રહ્યા હતા . મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત અને પરિચય કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે આપ્યો અને પ્રસંગોચિત ઉદબોધન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ.હર્ષદભાઇ પટેલ સાહેબે અતિથિ વિશેષ તરીકે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. ડૉ. વિમલભાઈ જોશી સાહેબે સમર્થ શિક્ષક બનવા માટે આશિર્વચન પાઠવ્યા હતા .વર્ચ્યુઅલ માધ્યમથી સૌ સ્પર્ધકો આ કાર્યક્રમમાં જોડાયા હતા . જેમાં પ્રથમ નંબરે દિપીકા પટેલ, આણંદ એજયુકેશન કોલેજ, આણંદ, દ્વિતીય નંબરે જીનલ પરમાર, શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન , પેટલાદ ,તૃતીય નંબરે મમતા યાદવ, શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદ આવ્યા હતા.







## શ્રમયજ્ઞ કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ: 23/10/2021 ને શનિવારના રોજ શ્રમયજ્ઞ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શ્રમયજ્ઞ કાર્યના અંતે અધ્યાપિકા ડૉ.નયનાબેન શુક્લ દ્વારા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશ પરમાર સાહેબ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.







## થેલેસેમિયા જાગૃતિ તથા નિદાન કેમ્પ કાર્યક્રમ

સંસ્થા દ્વારા તારીખ: 26/10/2021ને મંગળવારના રોજ થેલેસેમિયા જાગૃતિ તથા નિદાન કેમ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું .કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી.મહેમાનશ્રીનો શાબ્દિક સ્વાગત અને પરિચય કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે આપ્યો હતો. થેલેસેમિયા અંગે વ્યાખ્યાન ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, આકલાવના

શ્રી ઉપેન્દ્રભાઇ ભોઈ સાહેબે આપ્યું. કાર્યક્રમ અધ્યક્ષ શ્રી ખોડાભાઈ પટેલ સાહેબે આશિર્વચન પાઠવતા ભાવિ શિક્ષકોને સમાજમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ સામે જાગૃતિ લાવવા આહવાન કર્યું હતું. તાલીમાર્થીઓ માટે થેલેસેમિયા નિદાન ખર્ચ કોલેજ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો જ્યારે બ્લડ ગ્રુપ ચેકિંગનો ચાર્જ કાર્યકારી આચાર્ય ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે ઉઠાવ્યો હતો. નિદાન કેમ્પમાં ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી,પેટલાદના શ્રી હસમુખભાઈ મિસ્ત્રી સાહેબ, રોશની બેન તથા તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અંતે પ્રશિક્ષણાર્થીઓ નું થેલેસીમિયા અને બ્લડ ગ્રુપ ચેકિંગ કરવામાં આવ્યું હતું.






## પ્રાથમિક સારવાર અંતર્ગત વર્કશોપ

સંસ્થા દ્વારા તારીખ: 29/10/2021ને શુક્રવારના રોજ પ્રાથમિક સારવાર અંતર્ગત એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, આકલાવના ટ્રેનર શ્રી ઉપેન્દ્રભાઇ ભોઈ સાહેબે ડેમોન્સ્ટ્રેશન દ્વારા વિસ્તૃત સમજ અને જાણકારી આપી હતી . આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશ પરમાર સાહેબ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.






## વ્યક્તિત્વ વિકાસ **વર્કશોપ**

સંસ્થા દ્વારા તારીખ: 26/11/2021ને શુક્રવારના રોજ વ્યક્તિત્વ વિકાસ વિષય અંતર્ગત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં શ્રી દેવલભાઈ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા . મહેમાનશ્રીનો શાબ્દિક આવકાર કાર્યકારી આચાર્ય શ્રી ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે આપ્યો હતો . શ્રી દેવલભાઈ શાસ્ત્રી સાહેબે પ્રશિક્ષણાર્થીઓને વ્યક્તિત્વના વિવિધ પાસાના વિકાસ માટેની સંપૂર્ણ સમજ સાથે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશ પરમાર સાહેબ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




## પેટલાદ બી.એડ.કોલેજનું ગૌરવ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશનના તાલીમાર્થીઓએ તારીખ:26/11/2021 અને 27/11/2021 ના રોજ IITE ગાંધીનગર ખાતે યોજાયેલ દસમા કલાકુંજ યુથ ફેસ્ટિવલમાં કો -ઓર્ડીનેટરશ્રી ડૉ.કામેન્દુ ઠાકર સાહેબના માર્ગદર્શન હેઠળ સંસ્થાના કુલ ૧૦ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો . જેમાં ક્વિઝ સ્પર્ધામાં સંસ્થાના તાલીમાર્થીઓ વાલ્મિક યોગેશભાઈ ,શેખ તેહસીનબેન અને રાઠોડ દશરથભાઈએ તૃતીય સ્થાન મેળવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે . સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશભાઈ પરમાર અને અધ્યાપકશ્રીઓએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.



## રમત ગમત મહોત્સવ

સંસ્થા દ્વારા તારીખ: 29/11/2021 તથા 30/11/2021ના રોજ દ્વિ-દિવસીય રમત ગમત મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું . જેના ઉદ્ઘાટન પ્રસંગે સ્થાનિક વ્યવસ્થાપન કમિટીના સભ્ય શ્રી ખોડાભાઇ એસ .પટેલ ઉપસ્થિત રહી પ્રશિક્ષણાર્થીઓને બિરદાવ્યા હતા તથા પોતાના શારીરિક સૌષ્ઠવને જાળવી રાખવા માટે નિત્ય હળવી કસરત તથા યોગ કરવા અનુરોધ કર્યો હતો. ડૉ.યોગેશભાઈ પરમાર સાહેબે શ્રી ખોડાભાઇ એસ .પટેલ સાથે ઋણાનુબંધ સ્થાપિત કરતા તેમનો આભાર માન્યો હતો. વિવિધ રમતો સાથે બહેનો અને ભાઈઓ માટે ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું.સંસ્થાના સ્થાનિક કમિટીના સભ્ય મહોદય શ્રીખોડાભાઇ એસ.પટેલ ઓપનિંગ બેટિંગ તથા ભગીની સંસ્થાના આચાર્યશ્રી ડૉ.વિમલભાઈ જોશીએ ઓપનિંગ બોલિંગ કરી ક્રિકેટ મેચને ખુલ્લી જાહેર કરી હતી. આ દરમિયાન પ્રિ. વિમલભાઈ જોશીએ તાલીમાર્થીઓને ખેલદિલીની ભાવના સાથે

જીવનમાં જુસ્સો ટકાવી રાખવા માટેની શુભેચ્છા પાઠવી હતી તથા શ્રી ખોડાભાઇ એસ .પટેલે તાલીમાર્થીઓને ખેલદીલી સાથે એકબીજાને સ્વીકારવાની અપીલ સાથે જીવનમાં આગળ વધવાની શુભેચ્છાઓ પાઠવી હતી.આ રમત ગમત મહોત્સવમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.યોગેશ પ રમાર સાહેબ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.





**26 મી જાન્યુઆરીની ઉજવણી**

સંસ્થા દ્વારા તારીખ :26/01/2022ને બુધવારના રોજ સંસ્થા પરિવારના અગ્રણીઓની ઉપસ્થિતમાં 73માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આરકે.પરીખ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ , પેટલાદના શ્રી કાંતિભાઈ એસ. હરીજનના વરદ હસ્તે ધ્વજવંદન કાર્યકમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા શિક્ષણાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.






## શૈક્ષણિક વ્યાખ્યાનનું આયોજન

સંસ્થા દ્વારા  તારીખ19:/02/2022ને શનિવારના રોજ શૈક્ષણિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે સંસ્થાના પૂર્વ આચાર્યશ્રી ડૉ.અનિલભાઈ જી. કાછિઆ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનશ્રીનો પરિચય સંસ્થાના કાર્યકારી આચાર્યા ડૉ.નયનાબેન શુક્લ દ્વારા આપવામાં આવ્યો હતો. પુષ્પગુચ્છથી સ્વાગત અધ્યાપક ડૉ. પી.ડી.શાહ સાહેબે કર્યું હતું. આ વ્યાખ્યાનમાં ડૉ.અનિલભાઈ જી. કાછિઆ સાહેબે બ્લ્યુ પ્રિન્ટ અંગેની ખૂબ જ ઉંડાણ પૂર્વકની તલસ્પર્શી સમજ આપીને પ્રશિક્ષણાર્થીઓને બ્લ્યુ પ્રિન્ટના વિવિધ પરિમાણોથી સજ્જ કર્યા હતા. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.




## પેટલાદ બી.એડ.કોલેજનું ગૌરવ


ગુજરાત  ક્રિશ્ચિયન  સર્વિસ સોસાયટી મેનેજર્સ આઇ.પી. મિશન ટ્રસ્ટ સંચાલિત ક્રિશ્ચન કોલેજ ઓફ એજ્યુકેશન,આણંદમાં સી.વી.રામન જન્મ જયંતી અંતર્ગત તારીખ:28/02/2022ને સોમવારના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે આંતરકોલેજ વિજ્ઞાન કૃતિ પ્રદર્શન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું.આ સ્પર્ધામાં શ્રીમતી એસ. આઇ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદના પ્રશિક્ષણાર્થીઓએ અધ્યાપિકા ડૉ.શ્વેતા ચૌહાણના માર્ગદર્શન હેઠળ પોતાની કૃતિ બનાવીને રજૂ કરી હતી. જેમાં ચોથા સેમિસ્ટરના રણજીતભાઈ રામુભાઈ વાલ્મિક અને યોગેશકુમાર રસિકભાઈ વાલ્મિકે

તૃતિય સ્થાન પ્રાપ્ત કરી પ્રમાણપત્ર અને ઇનામપ્રાપ્ત કર્યું છે તથા દ્વિતીય સેમિસ્ટરના રોમીતાબેન કિરીટકુમાર સુથાર અને અમીશાબેન મનુભાઈ ગોહિલે પ્રમાણપત્ર પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે તે બદલ સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ તથા અધ્યાપકશ્રીઓએ સૌને અભિનંદન પાઠવ્યા છે.







## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

સંસ્થા દ્વારા તારીખ:08/03/2022ને મંગળવારના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત અધ્યાપક ડૉ. કામેન્દ્ર ઠાકર સાહેબની આગેવાનીમાં પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી. સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. આદિકાળથી ચાલી આવતી પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં મહિલા જીવન, વ્યક્તિત્વ વિકાસ, ભાવિ પડકારો અંગે ખૂબ જ સુંદર સમજ આપી.સંસ્થા પરિવાર વતી પ્રશિક્ષણાર્થી બહેનોનું પુષ્પથી અભિવાદન કરવામાં આવ્યું . આ કાર્યક્રમમાં અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## શૈક્ષણિક વ્યાખ્યાનનું આયોજન

સંસ્થા દ્વારા તારીખ: 10/03/2022ને ગુરૂવારના રોજ જ્ઞાનધારા અંતર્ગત “Beyond Chalk and Talk” વિષય પર તજજ્ઞશ્રીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે પ્રો.(ડૉ.)રાજુભાઈ રાઠોડ, MBA ડિપાર્ટમેન્ટ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરથી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી. મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું . મહેમાનશ્રીનો પરિચય અધ્યાપક ડૉ.કામેન્દ્ર ઠાકર સાહેબ દ્વારા આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત અધ્યાપક ડૉ.પી.ડી.શાહ સાહેબે કર્યું હતું. પ્રો .(ડૉ.)રાજુભાઈ રાઠોડ સાહેબે આગવી શૈલીમાં ખૂબ જ તલસ્પર્શી ઊંડાણપૂર્વક તજજ્ઞ વ્યાખ્યાન આપી સર્વેને લાભાન્વિત કર્યા .

સ્મૃતિ ભેટ અધ્યાપક ડૉ. કામેન્દ્ર ઠાકર સાહેબ  દ્વારા અર્પણ કરવામાં આવી.આ કાર્યક્રમમાં સાયન્સ કોલેજના આચાર્ય શ્રી ડૉ.વિમલભાઈ જોશી સાહેબ , કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.






**શૈક્ષણિક વ્યાખ્યાનનું આયોજન**

સંસ્થા દ્વારા  તારીખ: 12/03/2022ને શનિવારના રોજ વુમન સેલ  અંતર્ગત  "સાહિત્યમાં નારી સંવેદના"વિષય પર તજજ્ઞશ્રીના વ્યાખ્યાનનું આયોજન  કરવામાં આવ્યું હતું . આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે પ્રો.(ડૉ.) પિનાકિનીબેન પંડ્યા, હેડ ઓફ ધ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરથી ઉપસ્થિત રહ્યા હતા . કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી.મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી  ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું . મહેમાનશ્રીનો પરિચય અધ્યાપિકા ડૉ.શ્વેતા ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી  ડૉ.નયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થી બહેનો દ્વારા સ્ત્રી સશક્તિકરણ અંગે અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં પ્રો.(ડૉ.) પિનાકિનીબેન પંડ્યા મેડમે પોતાની આગવી શૈલીમાં ખૂબ જ તલસ્પર્શી ઊંડાણપૂર્વક તજજ્ઞ વ્યાખ્યાન આપી સર્વેને લાભાન્વિત કર્યા. સ્મૃતિ ભેટ ગ્રંથપાલ શ્રી રાકેશભાઈ ભટ્ટ સાહેબ દ્વારા અર્પણ કરવામાં આવી.કાર્યક્રમના અંતે આભાર દર્શન અધ્યાપક ડૉ. કામેન્દ્ર ઠાકર સાહેબ  દ્વારા કરવામાં આવ્યું હતું.  આ કાર્યક્રમમાં સંસ્થાના  પૂર્વ આચાર્યશ્રી ડૉ. અનિલભાઈ કાછિઆ, સંસ્થાના પૂર્વ અધ્યાપક શ્રી હસમુખભાઈ દવે, ભગીની સંસ્થાના આચાર્યશ્રી

ડૉ.વિમલભાઈ જોશી, હસમુખભાઈ મિસ્ત્રી, નયનાબેન પટેલ, નરેન્દ્રભાઈ શ્રીમાળી, કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## સંસ્થા મુલાકાત

સંસ્થા દ્વારા તારીખ :13/03/ 2022 ના રોજ અનાથ આશ્રમ નડિયાદની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં સંસ્થાના અધ્યાપક શ્રી પી. ડી. શાહ સાહેબ તથા પ્રશિક્ષણાર્થી ઉપસ્થિત રહ્યા હતા.



## GSRTC તરફથી મળતી પ્રજાલક્ષી સુવિધાઓઅંગે જાગૃતતા કાર્યક્રમ

સંસ્થા દ્વારા  તારીખ:14/03/2022ને સોમવારના રોજ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ્ની યોજનાઓ અંગે જાગૃતતા કાર્યક્રમનું  આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રીરમેશભાઈ શ્રીમાળી સાહેબ ,ડેપો મેનેજર ,પેટલાદ ઉપસ્થિત રહ્યા હતા . મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત અને પરિચય  સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી   ડૉ.નયનાબેન શુક્લ  દ્વારા કરવામાં   આવ્યો હતો . મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત અધ્યાપક  ડૉ. પી.ડી.શાહ સાહેબે દ્વારા કરવામાં આવ્યું . આ કાર્યક્રમમાં શ્રીરમેશભાઈ શ્રીમાળી સાહે બે GSRTC તરફથી મળતી પ્રજાલક્ષી સુવિધાઓ અંગે સૌને માહિતગાર કર્યા .આ કાર્યક્રમમાં કાર્યકારી  આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.



## સ્મૃતિ વ્યાખ્યાન

સંસ્થા દ્વારા  તારીખ:21/04/2022ને ગુરૂવારના રોજ સુવર્ણ   જયંતિ વર્ષની ઉજવણી પ્રસંગે સ્વ.પ્રો.જે.જી.ચૌહાણ સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું . વ્યાખ્યાનનો વિષય હતો "ભારત કો માનો, ભારત કો જાનો, ભારત કે બનો, ભારત કો બનાઓ".સમારંભના અધ્યક્ષ તરીકે પ્રો.(ડૉ.)દિલીપ જે ,ચૌહાણ.નિવૃત્ત પ્રાધ્યાપક ,અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ   ,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર ઉપસ્થિત  રહ્યા હતા.આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા તરીકે શ્રી સુનિલભાઈ એસ મહેતા, નિવૃત અધ્યાપક.,બી એન્ડ બી પોલિટેકનિક કોલેજ ,વલ્લભ વિદ્યાનગર , RSS-અખિલ ભારતીય સહ      બૌદ્ધિક પ્રમુખ-ઉપસ્થિત રહ્યા હતા  . કાર્યક્રમની શરૂઆત પ્રશિક્ષણાર્થીઓએ પ્રાર્થનાથી કરી હતી .મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કાર્યકારી આચાર્યશ્રી ડૉનયનાબેન શુક્લ દ્વારા કરવામાં આવ્યું.. મહેમાનશ્રીનો પરિચય અધ્યાપિકા ડૉ શ્વેતા ચૌહાણ દ્વારા.

આપવામાં આવ્યો હતો. મહેમાનશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કાર્યકારી આચાર્યશ્રી ડૉ નયનાબેન. શુક્લ દ્વારા કરવામાં આવ્યું. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી વ્રજેશભાઈ પરીખ સાહેબ તથા વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષશ્રી પ્રો.ડૉ.મહેશચંદ્ર યાજ્ઞિક સાહેબે આ પ્રસંગે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. સંસ્થાના અધ્યાપક ડૉ. કામેંદુ ઠાકર સાહેબ દ્વારા લેખિત અને દિગ્દર્શિત અભિનય નાટીકા પ્રશિક્ષણાર્થીઓ દ્વારા રજું કરવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાં શ્રી સુનિલભાઈ એસ મહેતા. સાહેબે પોતાની આગવી શૈલીમાં ખૂબ જ તલસ્પર્શી ઊંડાણપૂર્વક વ્યાખ્યાન આપી સર્વેને લાભાન્વિત કર્યા. સમારંભના અધ્યક્ષ પ્રો.(ડૉ.)દિલીપ જેચૌહાણ. સાહેબને ડૉનયનાબેન શુક્લ. દ્વારા સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી .મુખ્ય વક્તા શ્રી સુનિલભાઈ એસ મહેતા.સાહેબને ભગીની સંસ્થાના આચાર્યશ્રી ડો. વિમલભાઈ જોશી સાહેબ દ્વારા શાલ ઓઢાડી સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી. આ કાર્યક્રમમાં ડો. વિમલભાઈ જોશી, પૂર્વ તાલીમાર્થી મંડળના પ્રમુખશ્રી કેતનભાઈ ગાંધી, જીલ્લા ભાજપ મંત્રીશ્રી ધર્મેન્દ્રભાઈ મિસ્ત્રી (ભૂરાભાઈ), ધર્મેન્દ્રભાઈ રાઠોડ,શ્રી વિનોદભાઈ ભાટીયા, હસમુખભાઈ મિસ્ત્રી, મયુરભાઈ દવે,કાર્યકારી આચાર્યશ્રી ડૉ.નયનાબેન શુક્લ, અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.




## TLM વર્કશોપ

સંસ્થામાં તારીખ: 29/04/ 22 ને શુક્રવારના રોજ TLM વર્કશોપ શ્રીમતી નિકિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યો હતો.






## ૫૧માં દીક્ષાંત સમારોહ

શ્રીમતી એસ.આઈ.પટેલ ઇપ્કોવાળા કોલેજ ઓફ એજ્યુકેશન , પેટલાદમાં આજે તા. ૨૦/૫/૨૨ને શુક્રવારના રોજ સંસ્થાના ૫૧માં દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષ તરીકે ડૉ. નાથુભાઈ પટેલ સાહેબ ,મુખ્ય મહેમાન તરીકે શ્રી નરેન્દ્રભાઇ શ્રીમાળી સાહેબ તથા અતિથિવિશેષ તરીકે શ્રી કમલેશભાઈ આર.પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત વિદ્યાની દેવી માં સરસ્વતી વંદના થી કરવામાં આવી. આ સુંદર પ્રાર્થના પ્રાધ્યાપક ડૉ. કામેંદુ ઠાકર અને તાલીમાર્થી બહેનો દ્વારા રજૂ કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના કાર્યકારી આચાર્યા ડૉ. નયનાબેન શુક્લએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. મહેમાનોનો પરિચય ડૉ.શ્વેતાબેન ચૌહાણે કરાવ્યો હતો. સંસ્થા પરિવાર તરફથી તાલીમાર્થીઓને આશીર્વચન ડૉ. પી.ડી.શાહ સાહેબ તરફથી આપવામાં આવ્યા. પ્રશિક્ષણાર્થીઓ રણજીતભાઈ અને મુનજ્જાજબીન તરફથી તાલીમાર્થી પ્રતિભાવ રજૂ કરવામાં આવ્યા હતા.ચોથા સત્ર માં અભ્યાસ કરતા અને વર્ષ દરમ્યાન વિવિધ હરિફાઈઓમાં વિજેતા બનેલા પ્રશિક્ષણાર્થીઓને આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે પ્રમાણપત્રો આપી ભાવિ જીવનમાં સદૈવ શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવાની શુભકામનાઓ પાઠવી હતી. મહેમાનશ્રીઓને સંસ્થા

તરફથી સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાની તાલીમાર્થી બહેનો કુ.તહેસીન શેખ અને કુ.મુનજ્જાજબીન મલેકે સાથે મળીને કર્યું હતું. મહેમાનોના આશીર્વચન બાદ ડૉ.દીપિકાબેન ચૌધરી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાનગર નેચર ક્લબના ધવલભાઈ પટેલ તરફથી મળેલ પક્ષીઓને પાણી માટેના માટીના કુંડા અધ્યાપકશ્રીઓ તથા પ્રશિક્ષણાર્થીઓ દ્વારા સંસ્થા પરિસરમાં મૂકવામાં આવ્યા.








---